# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પકડે, પૂરાવા છતાં મરામત થઇ જાય છે,
આપણી કોર્ટોમાં બધી કરામત થઇ જાય છે,
ઐરાવત નિકળી જાય, અટકે ઉંટની પૂંછ
પ્રજાની હજામત પછી સલામત થઇ જાય છે
(ક્રિકેટરો ને ક્લીનચીટ)

## હાઈકુ

‘રામાયણ’માં
મળ્યું નહીં મહત્ત્વ -
‘શત્રુઘ્ન’ રીસે
(નીતિશ ને મળ્યા)

ઘરના ભેદી -
અનામત અંગારે -
બાળે છે લંકા..
(અંસતોષ નો અગ્નિ..)

## ચિંતન

**ન હાયનૈર્ન પલિતૈર્ન વિત્તેન ન બંધુભિઃ । ઋષયશ્ચક્રિરે ધર્મ યોઅનુચાનઃ સ નો મહાન ॥**

આપણા પૂર્વજો-ઋષિ મુનિઓએ એને જ મહાન ગણ્યા છે જે સદાચારી છે.

‘પરંતુ જે ઉંમરમાં સૌથી મોટા છે તેમને નહીં, માથાં ઉપર બધા વાળ સફેદ થઇ ગયા છે તેને નહીં જેની પાસે વધારે ધન-સંપત્તિ છે તેમને પણ નહીં, અને જેનું કુળ-પરિવાર મોટું છે તેમને પણ નહીં.’

પરંતુ ધર્મ-અનુસાર આચરણ કરનારો જ મહાન છે.’

આજે સત્તાધીશ અધિકારી કે મોટા પદ પર પહોંચેલ રાજકારણી કે કોઇ ધનિક શ્રેષ્ઠી સમાજમાં ‘મહાન’ અને ‘સન્માનીય’ ગણવામાં આવે છે પછી ભલે ને નબળા ચારિત્ર્ય અને હલકાં વર્તન વ્યવહાર કરનારો હોય!

હકીકતમાં જે સદાચારી, સુશીલ-વિવેકી અને સત્કર્મો કરનાર હોય, પછી ભલેને તે નિર્ધન અને તદ્દન સરળ વ્યક્તિ હોય છતાં પણ એ ‘મહાન’ છે.

## સુવિચાર

- તમારા મગજમાં ઘણી વણખેડાયેલી જમીન છે.. એના વિશે વિચાર કરજો.. કઠોર પરિશ્રમ કરવો એ હળ ચલાવવા સમાન છે, સારા પુસ્તકો વાંચવા એ એમાં ખાતર નાખવા જેવું છે.. અને શિસ્ત પાલન એ એમાં જંતુનાશકનું કામ કરે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ઉંદર દોડમાં મુશ્કેલી એ છે કે જીતી ગયા પછી પણ તમે ઊંદર જ રહો છો **- જાપાની કહેવત**
- ઉત્તમ સૌથી આબરુ, સજ્જન કેરો સાથ, લજ્જા ગઇ જો લાખની, ફરી ન આવે હાથ... **- સુભાષિત**
- કુનેહ એટલે સામા માણસને વીજળીનો ચમકારો આપણે બતાવી શકીએ અને એનો આંચકો ન લાગવા દઇએ **- રમેશ ઓઝા**
- જીવનની ઘણીખરી અવ્યવસ્થા અને દુષ્ટતા, શાંતિથી બેસીને વિચાર કરવાની માનવીની અશક્તિનું પરિણામ છે **- માનસસૂત્ર**
- બધા માણસોને સત્ય બોલતાં શીખવવું હોય તો શરત એ છે કે સાથેસાથે બધાએ સત્ય સાંભળતાં પણ શીખવું પડશે **- રાજુ અંધારિયા**
- વાદવિવાદમાં જો`લ્લો હરફ તમારે જ ઉચ્ચારવો હોય તો એટલું બોલવાની કોશીશ કરજો ‘મને લાગે છે કે તમે સાચા છો..’ **- સરદાર પટેલ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આપણા પ્રધાનશ્રીઓને પોતાનાં જ કર્મોને કારણે મૃત્યુ-હુમલાનો ભય સતત સતાવે છે અને એમને સુરક્ષા-કમાન્ડોના અભેદ કવચમાં જ રહેવું પડે છે. પરંતુ ‘મૃત્યુ’ પોતાના આવાગમનની બારી-છિદ્ર શોધી જ લે છે.

એક રાજાએ રાજયો જીતીને ખૂબ જ શત્રુઓ ઉભા કર્યા તેથી તેને સતત દુશ્મનો અને હુમલાનો ભય રહેતો તેથી પોતાના મહેલની બધી બાજુ ઉંડી ખાઇઓ ખોદી માત્ર એક જ ઉંચા-નીચા થતા પૂલ મારફતે જ મહેલમાં અવાય એવી કડક સુરક્ષાનું આયોજન કર્યું, પોતાની બુદ્ધિના આયોજન પર રાજયગુરુની મહોર લાગે એટલા માટે ગુરુને આ બધું સુરક્ષા-કવચ બતાવી પોતાની બુદ્ધિશક્તિનું પ્રદર્શન કર્યું અને અંતે ગુરુજીનો અભિપ્રાય પણ માગ્યો!

ગુરુએ કહ્યું બેટા! શારીરિક હુમલાથી તો બચવા તમે સારું આયોજન કર્યું છે પરંતુ આપણા દેહમાં રહેલા ‘આત્મા’ ને દરેક ક્ષણે ‘મૃત્યુ’નો ભય રહેલો છે એની સુરક્ષા માટે તમે કોઇ આયોજન વિચાર્યું છે?

રાજાને પોતાની ભૂલ સમજાઇ અને જીવનમાં સુખદ મૃત્યુ માટેનું આયોજન પછીથી વિચાર્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ફાંસી મુદ્દે વિવાદ નહીં, સંવાદ જરૂરી

## તંત્રી સ્થાનેથી....

મોગલ બાદશાહ જહાંગીરનો ન્યાય દંતકથારૂપ ગણાય છે. એકવાર એની પ્રિય બેગમે શિકાર કરતી વખતે જળકૂકડીની જગ્યાએ સરોવર કિનારે લૂગડાં ધોતા ધોબીનો ભોગ લઈ લીધો. ધોબણને ખબર હતી કે બાદશાહ સામે રાવ કરનારને અદલ ઈન્સાફ મળે છે. એણે બાદશાહના મહેલ નજીક લટકાવેલો ઘંટ વાગડ્યો. ઝરૂખામાં બાદશાહ પ્રગટ થયા અને ધોબણની ફરિયાદ સાંભળી તત્કાળ જવાબ આપ્યો : બેગમ સાહેબાએ તારા ધણીનો જીવ લીધો હોય તો તને બાદશાહનો જીવ લેવાનો હક છે. તું મારી સામે તીર ચલાવ. હું સજા ભોગવવા તૈયાર છું. શરિયતમાં આંખ સાટે આંખ અને માથા સાટે માથું ઉતારી લેવાની હિદાયત છે. દુનિયામાં ઈસ્લામી કાનૂન જેવી કડક ન્યાય વ્યવસ્થા દીવો લઈને શોધવા જતાં પણ જડવી મુશ્કેલ છે. પરંતુ એ પણ સાચું કે મારનારને મારી નાખવાથી જે મરાયું છે તે પાછું જીવતું નથી થવાનું. બુદ્ધ-મહાવીર જેવી વિભૂતિઓએ કરૂણા અને ક્ષમાનો ઉપદેશ આપ્યો. સુન્દરમ્‌ના પ્રસિદ્ધ કાવ્ય ‘બુદ્ધનાં ચક્ષુ’માં આ સંદેશ સુપેરે ઝિલાયો છે -

‘હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી.’

પરંતુ ત્યાં વળી પ્રશ્ન થાય : આવા ખૂંખાર આતંકવાદીઓ સામે આપણું વિમલ દિલવાળું ‘ગુપ્ત બળ’ કેટલું કારગત નીવડે? જે લોકો માટે માનવજીવનની કશી કિંમત જ નથી, જેઓ એમના કુત્સિત હેતુઓ પાર પાડવા નર્યા ખૂની ખેલ જ ખેલ્યા કરવા ટેવાયા છે એમને શું પ્રેમ, શાંતિ અને કરૂણા જેવાં શસ્ત્રોથી જેર કરી શકાશે? વિશ્વના ઘણાં પ્રગતીશીલ અને સુસંસ્કૃત રાષ્ટ્રોએ કાયદાથી ફાંસીની સદા રદ કરેલી છે. તેઓ આવા જઘન્ય અપરાધીઓને સુધરવાની તક આપવામાં માને છે. એમને આવેશમાં આવી કરેલા ગુના બદલ પસ્તાવો કરવા પ્રેરે છે. પરંતુ અત્યારે જે શખ્સને ફાંસીની સજા આપવાની તૈયારીઓ ચાલી રહી છે, એણે અને એના આકાઓ કે સાથીઓએ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ જેવી દારૂણ ઘટનાને આવેશમાં આવીન અંજામ નહોતો આપ્યો. એ બાબરી ધ્વંસનું વેર વાળવા માટેનું પદ્ધતિસરનું, સુનિયોજિત કાવતરું હતું. એ જુદી વાત છે કે કાવતરાનો માસ્ટર માઈન્ડ અને ‘નંબર-૧’ આરોપી દાઉદ ઈબ્રાહીમ એનો વગવસીલો વાપરી દેશ છોડી ગયો છે અને પાડોશી દેશમાં અમનચમન ઉડાવી રહ્યો છે. સેલિબ્રિટી સ્ટાર સલમાનખાને યાકૂબ મેમણની ફાંસી અટકાવવા એકધારો ટ્વિટર મારો ચલાવ્યો અને છેલ્લે એના લેખક પિતા સલીમખાનની સલાહ માનીને એ મુદ્દે માફી પણ માગી. હિટ એન્ડ રન કેસમાં તથાં કાળિયાર શિકાર પ્રકરણમાં સકજામાંથી બચવા હવાતિયાં મારતા નાદાન નાચણિયા-કુદણિયા સલમાનનું તો સમજ્યા જાણે; પરંતુ દેશના ૪૦ પ્રબુદ્ધ અગ્રણીઓએ યાકૂબની ફાંસી રદ કરવા રાષ્ટ્રપતિને પત્ર પાઠવ્યો છે. શું આ બધાને પેલા નિર્દોષ ૨૫૭ શહીદોનાં સ્વજનોને શું વીત્યું હશે એનો ખ્યાલ છે? ફાંસી એ છેલ્લી સજા છે, વળી ફાંસી ‘રેરેસ્ટ ઑર રૅર’ પ્રકારની ખૂનામરકી માટે જ અપાતી હોય છે. એ સાચું કે યાકૂબ મેમન જેવા ગુનેગારો જેલમાં છેલ્લા શ્વાસ પર્યંત સબડતા રહે એ મોત કરતાં પણ આકરી સજા ગણાશે. પરંતુ પરંપરાથી પ્રસ્થાપિત કાનૂન રાતોરાત બદલી શકાય નહીં. આવા મુદ્દે વિવાદ-નહીં, સંવાદ થાય તે જ ઈષ્ટ ગણાશે.

# રાજય ભ્રષ્ટાચારી હોય ત્યાં વ્યક્તિ કેમ નહીં?

## ચર્ચાસભા

- ડૉ. નાનક ભટ્ટ

નર્મદાબંધના વિરોધમાં યોજાયેલ આદિવાસી રેલીમાં ખડદાની નવી વસાહતનાં ગ્રામસંયોજકગૃહો પોતાની ખપની વીજળી જાતે ઉત્પાદિત કરી લે છે. આ પ્રવૃત્તિ ખરેખર તો રાજયના
નરસિંહ તડવી પણ હાજર રહેલ. નરસિંહ ગામનો ભણેલ યુવા આગેવાન, આથી તેણે ભાષણવીજનિગમોનું ભારણ ઓછું કરનાર આવકારદાયી કામગીરી બને છે. પરંતુ વીજનિગમો તો
કરવા કહેલુ. નરસિંહ સફારી સૂટ પહેરીને આવેલ. સભાનું કામકાજ શરુ થઈ રહ્યું હતું તે દરમિયાન,પોતાના ખપપૂરતું ઉત્પાદન કરનાર પાસેથી પણ સરચાર્જ મેળવે છે. આ પદ્ધતિને સત્યનિષ્ઠ
નરસિંહ તેના ટેકેદારો સાથે આવી પહોંચ્યો. મારાથી સહેલ કહેવાઈ ગયું, ‘ઓહો, નરસિંહભાઈકે અણિશુદ્ધ ગણીશું? વાહન ખરીદનાર વાહનોના ઉપયોગ માટે સેલટેક્સ ભરે છે, છતાં
આજે વટમાં છે ને!’ બાજુમાં ઊભેલાં ટેકેદારે કહ્યું, ‘સાહેબ, જવાહર યોજના.’ નરસિંહે પ્રત્યુત્તરરાજય આજીવન રોડ ટેક્સ લે છે! આવી કાર્ય પ્રમાલીને તો ઉઘાડી લૂંટ જ કહેવી રહી. ઠેરવવી
વાળતાં કહ્યું, ‘એમાં ખોટું શું છે? સાહેબ તમે જ ન્યાય કરો, જવાહર યોજના સિવાય અમારેરહી.
ગામડામાં બીજું કંઇ આવકનું સાધન છે?’ જવાહર યોજનાના ખર્ચ અને થયેલ કામોનું મૂલ્યાંકન ઉત્સવપ્રિય ગુજરાતના ગરીબ કલ્યાણ મેળા, કૃષિરથ, વાઈબ્રંટ, પતંગ મહોત્સવ, કન્યા
કરતાં તે સમયના વડાપ્રધાન રાજીવ ગાંધીને બિહારના મુખ્ય પ્રધાને જાહેરમાં કરેલું છે, ‘જવાહરકેળવણી ઉત્સવ આયોજનો માટે રાજય સરકાર કોઈ ગ્રાન્ટ આપતી નથી પરંતુ સરકારી
યોજના ચાય-પાની કે લિયે હી હૈ, તો કામકાજ કે હિસાબ સે કયા મતલબ?’ અધિકારીઓને પોતાની રીતે લડી લેવા જણાવાય છે. ત્યારે ‘મોસાળમાં જમણ ને મા પીરસનાર’

કોઈ પણ કાર્યમાં માન્ય વળતર અને અમાન્ય વળતર વચ્ચે ની ભેદરેખા ઘણી પાતળી અનેની સ્થિતિ સર્જાય છે. અનુકૂળ ન્યાય પણ ખરીદી શકાય છે અને કોમનવેલ્થના ઝાડને તો ઉંધઈ
અસ્થિર રહી છે. ચાણક્યના સમયમાં માતા અને ગાયનું દૂધ તથા ભોજન વેચવું એ પાપ ગણાતું અનેખાઈ ચૂકી છે. આમ છતાં દેશના કોમનમેન પ્રામાણિક રહે તેવી અપેક્ષા હાસ્યાસ્પદ નથી?
આજે તમામ ચીજો ધીકતો ધંધો આપી શકે છે. એક સમયે કલાકારની કલાનું મૂલ્ય પૈસામાં અંકાય તો અપમાન ગણાતું અને આજે સંગીત, નૃત્ય, નાટકના શોનું એડવાન્સ બુકિંગ શિરસ્તો બની ગયું છે.

સમયાંતરે ધાર્મિક અને સામાજિક જીવનનાં મૂલ્યોમાં ઘણાં પરિવર્તનો

આજે ગુજરાતના રેવન્યૂ વિભાગમાં ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવામાં ફૂટે નિશ્ચિત ભાવો ચાલે છે. સામાન્યમાં સામાન્ય નાગરિક પર જો વિભાગના ભાવો ભરપાઈ કરી આપે તો તેની ફાઈલ ૪૦ થી ૪૮ દિવસમાં ક્લિયર કરી આપવામાં આવે છે અને આ પદ્ધતિથી બહાર રહી જો કોઈ
આપણે જાણીજોઈને આવ્યા છે તેમ સહ્યાં પણ છે. તો અહીં આર્થિક બાબતોમાં કેટલાક નવાવગદાર વ્યક્તિને પણ પોતાની જમીન એન.એ. કરાવવી હોય તો ઓછામાં ઓછો ૬ થી ૮
ખ્યાલો, કેટલીક નવી રસમો બદલાઈ રહ્યાં છે, તો તે સામે વિરોધ શા માટે? માસનો ગાળો સહન કરવો પડે છે. આ પ્રકારનો અનુભવ ઉદ્યોગધંધા શરુ કરવા માગતા,

વિમાનમાં ટિકિટ લેનારને વિમાનની સફરમાં ઊભા રહેવું પડતું નથી પરંતુ બસ કે ટ્રેઈનનીપોતાના ઘરના બાંધકામને મંજૂર કરાવવા માગતા, પોતાના માલસામાનને એક સ્થળેથી બીજે
મુસાફરી માટે ટિકિટ ખરીદનારને સીટની ખાતરી મળતી નથી. આથી સામાન્ય માનવીને બસસ્થળે ફેરવવા માગતા તમામ લોકોને થયો જ હશે.
કે ટ્રેઈનની મુસાફરી માટે પ્રવાસખર્ચ ઉપરાંત વધારાનો બેસવાનો ખર્ચ આપવો પડે છે. પાવતી આ સ્થિતિ છતાં સમાજમાં રોજબરોજનાં કામો સંબંધે દર્શન તો એવું ઉપસી રહ્યું છે કે
આપીને સ્વીકારતાં આ નાણાં ખુલ્લો ભ્રષ્ટાચાર નથી બનતો? સરકારે છાપેલ ટપાલમાં લખાતાલોકોને પૈસા ખર્ચવામાં વાંધો નથી પરંતુ, વાંધો, પોતાનું કામ ન થાય તે સામે છે. બદલાતા
પત્રો સામી વ્યક્તિ સુધી પહોંચશે જ તેની ખાતરી તમને પોસ્ટ વિભાગ તરફથી કયારેક મળીસમયમાં જીવન વધુને વધુ સ્પર્ધાત્મક અને અનિશ્ચિત બની રહ્યું છે ત્યારે કોઈ પણ લાભને
નથી. આમ છતાં કોઈ નાગરિકને પોતાનો પત્ર નિશ્ચિત રીતે બીજે સ્થાને પહોંચાડવો હોય તોઆવતીકાલ ઉપર મુલત્વી રાખવા માટે આમ વ્યક્તિ તૈયાર નથી અને આથી જ શહેર કે
વધારાની ટિકિટ લગાડી અંડર પોસ્ટર સર્ટિફિકેટ કરાવવું પડે છે. આ પદ્ધતિમાં ભ્રષ્ટાચાર નથી? ગામડામાં રહેતો માણસ પૈસા વેરીને પણ પોતાનું કામ કઢાવવામાં જોખમ લેતો થયો છે અને જયાં
હિન્દુસ્તાનનાં લગભગ તમામ રાજયમાં વીજળી નિગમો પોતાના ગ્રાહકોને જરૂરિયાત મુજબકોઈ પદ્ધતિ આકાર લે છે ત્યાં લોકોની વિશ્વસનીયતા વધે છે.
વીજ પુરવઠો નિયમ દર વસૂલ કરીને પણ પૂરો પાડવામાં સક્ષમ નથી. આથી કેટલાંક ઔદ્યોગિક

(અનુસંધાન પાના નં. ૬ પર)

# લગ્ન એટલે બે વ્યક્તિઓનું એકબીજા સાથેનું જોડાણ

## વિચારસભા

- નેહલ જયદીપ ગઢવી

લગ્ન એટલે બે વ્યક્તિઓનું એકબીજા સાથેનું જોડાણ. એક લાગણીના નાજુક તાંતણે બંધાયેલું બે પરિવારો વચ્ચેનું બંધન. લગ્નજીવન સુખી અને આનંદપૂર્ણ હોય તે વ્યક્તિ શારીરિક, માનસિક તેમજ આર્થિક દૃષ્ટિએ એક પ્રકારનો સંતોષ અનુભવતી જણાય છે! નાના-મોટા ઝઘડા કે બોલચાર દરેક લગ્નમાં બનતા જ હોય છે પરંતુ, ખરો પ્રશ્ન એ નથી પ્રશ્ન ઉપસ્થિત ત્યારે થાય છે જયારે બે વ્યક્તિઓના સાયુજ્ય સમા આ જોડામમાં કોઈ ત્રીજાનું પ્રવેશવું! આ ત્રીજું એટલે શું? કોઈ સ્ત્રી કે પુરુષ મિત્ર કે એકસ્ટ્રા મેરીટલ અફેર્સ એવું માનવું ભૂલભરેલુ છે. આ સિવાય અન્ય ઘણા બધા પરિબળો હોય છે. જેમ કે, લગ્નજીવનના શરુઆતનાં તબક્કામાં બંનેના પરિવારજનો! સ્ત્રીના કે પુરુષના પરિવારજનોનો પ્રભાવ, તેમની ટીકા-ટીપ્પણીઓ, સલાહ આ તમામની સીધી કે આડકતરી અસર વ્યક્તિના દાંપત્યજીવન પર થતી હોય છે! આ બાબત દર વખતે અને દરેક વ્યક્તિ માટે નકારાત્મક જ હોય તેવું નથી પણ કયારેક ઈન્ટરફીયરન્સનો અતિરેક લગ્નરુપી સંબંધના કુમળા છોડનું અકાળે અવસાન કરાવવામાં ખૂબ મોટો ફાળો ભજવે છે!

લગ્નસંસ્થા અને લગ્નપ્રથાને માત્ર એક પરંપરાની જેમ પરાણે નિભાવવી એ હવેના આ આધુનિક યુગમાં અનિવાર્ય બાબત નથી! પરંતુ, એનો અર્થ એ નથી કે કોઈ પણ નાની-મોટી બાબતમાં એકમાત્ર નિર્ણય છૂટા પડવાનો જ લેવામાં આવે! શરુઆતનો સમય જેમ-જેમ બંને સાથે વિતાવતા જાય તેમ-તેમ એકબીજાની સારી-નરસી બાબતોથી વાકેફ બનતા જાય છે. બંનેના પરિવારના સભ્યો સાથેનું વલણ પણ બદલાયું હોય છે અને એકબીજાને સમજવાની ક્ષમતામાં વધારો થયો હોય છે! ઘરમાં બાળકોના આવવાથી પત્ની તેમના ઉછેરમાં અને પતિ ઘરની આર્થિક વ્યવસ્થાને સદ્ધર કરવામાં વ્યસ્ત બની ગયેલા જણાય છે! પતિ-પત્ની આ સમયમાં એકબીજાને ભૂલી ગયા હોય કે દૂર આવી ગયા હોય તેમ નથી પણ પહેલાં જેટલો સમયનો બંને પક્ષે અભાવ હોવાથી આ પરિસ્થિતિ સર્જાતી હોય છે. ખરી સમસ્યા હવે પછીની અવસ્થામાં જન્મે છે જયારે બાળકો થોડા મોટા થઈ ગયા હોવાથી સ્ત્રી કે પત્ની હવે પોતાના માટે થોડો વધુ સમય ફાળવી શકતી હોય છે પરંતુ, પુરુષને ત્યાં સુધીમાં મિત્રવર્તુળ, સોશિયલ નેટવર્કીંગ સાઈટ્સ, બીઝનેશ કે ઓફિસનું સર્કલ અને આ તમામ ન હોય તો પુસ્તકો અને ટીવી સાથે પોતાના એકાંતમાં જ મસ્ત રહેવાની ટેવ પડી ચૂકી હોય છે! ઘણીવાર પતિ કે પત્ની બનેમાંથી કોઈ એકની અતિ મહત્ત્વાકાંક્ષાઓ પણ પતિ-પત્નીના સંબંધોમાં ઘણું મોટું અંતર લાવી દેતી હોય છે જે સમય જયાં છૂટાછેડામાં પરિણમે છે. સ્ત્રીઓ પણ ઘણીવાર ઘરકામ, રસોઈ અને અન્ય કામોમાં જ પોતાની જાતને એટલી ઓતપ્રોત કરી દે છે કે તેને પોતાના પતિ સાથે સમય ગાળવાની જરૂરિયાત વિશે તે સાવ બેખબર બની રહે છે! અને જયારે પત્ની કે પતિને પોતાની આ ભૂલનો અહેસાસ થાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયુંહોય છે. જેકોબ થોરેન્સની રશિયન વાર્તાને આધારે આશા વિરેન્દ્રએ લખેલી આ વાર્તા આપણા સૌના અંતરાત્માને હલાવી દે તેવી છે :

‘ડેની ૭૮ વર્ષનો થયો અને ગર્ટુન ૭૫ની. પણ ડેની કરતાં એની સ્ફૂર્તિ અને તંદુરસ્તી ઘણી સારી. જેમ જેમ ઉંમર વધતી ગઈ એમ ડેની વધુ ચીડીયો થયો ગયો. ઘણીવાર એ ખિજાઈને ગર્ટુનને કહેતો, ‘હમણાં તને મારી કિંમત નહીં સમજાય, જયારે હું નહીં હોઉંને, ત્યારે સમજાશે!’ પછી થોડું અટકીને કહેતો, ‘જો કે, હું મરીશ પછી પણ તું મારે માટે થોડા સારા શબ્દો બોલશે કે નહીં, કોણ જાણે?’ જયારે જયારે એ આવી વાત કરતો ત્યારે ગર્ટુન માંડ પોતાનું હસવું દબાવી ગંભીર મોઢું કરીને કહેતી, ‘ના ડાર્લિંગ, છેક જ આવું ન બોલ. એમ તો તારા મરતાં પહેલાં બોલવા માટેની સ્પીચ હું અત્યારથી જ તૈયાર કરવા માંડી છું. તારી અંતિમ ઘડીએ હું ચોક્કસ તારે માટે સારું સારું બોલીશ. તારા વખાણ કરીશ, બસ? પ્રોમિસ.’ હવે અચાનક ડેનીની તબિયત લથડવા લાગી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રજાનું રક્ષણ કરવું તે રાજ્યકર્તાની પ્રથમ ફરજ છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

સત્યં, બૃહદનમુગ્ર દીક્ષા,
તપો, બ્રહ્મ યજ્ઞ પૃથિવી ધારયન્તિ

‘સત્યનિષ્ઠા, વિશાળ જ્ઞાન ઉગ્ર ક્ષાત્રતેજ, દક્ષતા, તપ, બ્રહ્મજ્ઞાન, ત્યાગ અને બલીદાન - આ બધા ભાવો, માતૃભૂમિ માટે પાલનપોષણ તથા રક્ષણકર્તા મનાયા છે.’

અથર્વવેદ ૧૨/૧

વૈજ્ઞાનિક યુગ તથા વધતી ટેકનોલોજીના આ સમયમાં વેદ-વાક્યની શી મહત્તા તેમ મનાય છે. પરંતુ આપણા ઋષિઓએ માત્ર પરલોકની જ વાતો નથી કરી. વ્યવહારિક જીવનમાં જોઈતા તમામ ભાવો માટે પણ તેઓએ ઊંડી ગવેષણા કરી છે. અથર્વવેદ જીવંત જ્ઞાનનો ગ્રંથ છે. તેમાં માતૃભૂમિના રક્ષણ તથા પોષણ માટે જે વિચારો રજૂ થયાં છે. તે આપણાં, આજના રાજયકર્તાઓને લક્ષ્યમાં લેવાં જેવા છે. સમય બદલયા, પરિસ્થિતિમાં પણ ફેર પડે. પરંતુ જેમ માનવ-મન તો સમાન જ રહે છે. તેમ માતૃભૂમિની મહત્તા સદૈવ સમાન મનાય છે. ભગવાન શ્રીરામે લક્ષ્મણને કહેલું, ‘જનની શ્ચ જન્મભૂમિ સ્વર્ગાત્ અપિ ગરિયસિ’ સ્વર્ગની પણ જે મહાન છે તેના રક્ષણ માટે આજના આ શાસકો શું કરે છે? વારંવાર વચનો આપી ફરી જતા પાકિસ્તાનને જરા પણ ઉગ્ર ભાષામાં કહી શકતા નથી કારણ શાસકોમાં ક્ષાત્રતેજની ખામી છે. એના વચનો પાછળ શક્તિનો કોઈ અનુભવ થતો નથી એ નથી નીડર કે નથી સત્યવક્તા. અથર્વવેદમાં ક્ષાત્રતેજની વાત વિચારપૂર્વક મુકાઈ છે. માતૃભૂમિનું રક્ષણ કરવા માટે તમામ પ્રકારનું બલિદાન આપવા શાષકો તૈયાર હોવા જોઈએ. મહાભારતમાં યુધિષ્ઠિર પિતામહ ભીષ્મને રાજાના ધર્મો પૂછે છે. ત્યારે પિતામહ સ્પષ્ટ કહે છે પ્રજાનું રક્ષણ કરવુંતે રાજ્યકર્તાની પ્રથમ ફરજ છે. વારંવાર એક જ પ્રકારના નિવેદનો કરવાથી લોકોને રક્ષણ નથી મળતું. દુર્બળ અને માત્ર વાતો કરનારો, દીર્ઘસૂત્રી શાસક કાયમ માર જ ખાય છે. ચાણક્ય પણ આ વાત પર ભાર મૂકે છે. પાંચાલી (પ્રજા)ને ભીડ પડે છે ત્યારે તે ભીમને સાદ પાડે છે. અર્જુન કે યુધિષ્ઠિર (બુદ્ધિ કે ધર્મ)ને યાદ નથી કરતી. રક્ષા તો શક્તિ હોય તો જ થાય. જો વારંવાર વાતો કરીને, કે ચર્ચાઓ કરીને જ અટકશું તો વારંવાર પ્રદેશ ગુમાવતા જઈશું. વિશ્વ સમસ્તમાં રાષ્ટ્રનું માન-સન્માન જળવાય તેવા પગલાં ભરવાની ક્ષમતા હોવી જોઈએ. શાષકોમાં પોતાનું આત્મબળ હોવું જોઈએ. તાજેતરમાં બહાર પડેલા ગ્રંથોએ દર્શાવ્યુ છે કે શાસકો પ્રશ્ન ટાળવાની મનોવૃત્તિ ધરાવે છે. શાસકો તો શક્તિશાળી દઢ નિશ્ચયથી ને તત્કાલ જ પગલાં લેવા સમર્થ હોય તો કોઈ વિદેશી રાષ્ટ્ર તરફ ઊંચી નજર ન કરે. મનુસ્મૃતિમાં પણ સ્પષ્ટ સંદેશ છે. દયા - પછી કોઈ પણ બહાના તળે, માનવતાના નામે, શાસકોનું દૂષણ ગણાય છે. દયા તથા પ્રેમ તો ત્યારે જ શોભે ને માન પામે જયારે તેની પાછળ આત્મતેજનો પૂંજ હોય. ‘ભાગેડુને મદદ કરનારમાં આત્મતેજ કયાં શોધતું?’ વિશ્વભરમાં આજે ચીન અને અમેરિકાનું ચાલે છે. કારણ તેની પાસે શક્તિ છે. સરહદ ભંગનો નાનો એવો બનાવ પણ જો સાંખી લેવામાં આવે, અલગતાવાદીઓને જયાં પ્રોત્સાહન અપાતું હોય ત્યાં સત્તામાં, ભાગીદારી કરવી તેમાં માતૃભૂમિનું કયા પ્રકારનું સન્માન ગણાય તે સમજાતું નથી.

અથર્વવેદમાં ક્ષાત્રતેજની વાત વિચારણાપૂર્વક મુકાઈ હોય તેમ લાગે છે. એ સમયમાં વ્યક્તિગત રાજાઓ હતા. જે પૂરતા બળતાન હતા. પરંતુ જો કોઈ નૃપતિ વધારે પડતો આગળ ન જાય તે માટે ક્ષાત્રતેજ પર બ્રહ્મજ્ઞાનનો અંકુશ પણ છે. વેદ સ્પષ્ટ જણાવે છે કે રાષ્ટ્રના ઉત્થાન માટે બ્રાહ્મણો તથા ક્ષત્રિયોએ સાથે મળીને કામ કરવું પડે છે. રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં માત્ર શક્તિ નહિ જ્ઞાન પણ તેટલું જ જરુરી છે. ચંદ્રગુપ્ત મૌર્ય સેલ્યુક્સને હરાવી શક્યો કારણ તેની પાસે ચાણક્ય જેવા મંત્રી હતા. જ્ઞાન તથા બળ એકબીજાના પૂરક અંગો છે. જ્ઞાન વિનાની શક્તિ અને શક્તિ વિનાનું જ્ઞાન બંને પાંગળા છે. આ બાબતમાં પણ આપણા શાસકોને જરુર મુલવવા જોઈએ.

જ્ઞાન એટલે માત્ર યુનિ.ની ડિગ્રી જ નહીં જો કે આમાં પણ આપણા નેતાઓ ઊંણા ઊતરે છે. ડીપ્લોમેટિક જ્ઞાન. ગમે તેવા પ્રસંગમાં રાષ્ટ્રનુંસન્માન સર્વોચ્ચ દૃષ્ટિએ સચવાય તે પ્રમાણેનું વર્તન, ભાષા, વિવેક તથા સમજણ. આપણે ત્યાં વિચાર કરતાં પહેલાં બોલી નાખવાનું વધારે ફાવે છે. ‘બોલ્યા પહેલાં બે વાર વિચાર કરો’ એ સૂત્ર ધ્યાનમાં રહેલુંનથી પરિણામે ઘણીવાર થૂંક્યું ગળવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ખંડર દેખ કે લગતા હૈ કી ઈમારત બુલંદ રહી હોગી...

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

હમણા મેઘરાજા જયારે વળી પાછા મન મૂકીને વરસી રહ્યા છે, ત્યારે ગયા વીક એન્ડ પર મિત્રો સાથે ચાંપાનેર જવાનો અવસર પ્રાપ્ત થયો. અત્યાર સુધી ઈતિહાસની ચોપડીમાં વાંચ્યુ જ માત્ર હતું... પાવાગઢ જતા ત્યારે મહાકાળી માતાના દર્શન જ કરીને પાછા વળી જવાનું થતું... આ વખતે નક્કી કર્યું કે, માત્ર ચાંપાનેર જવું... ઈતિહાસ અને ફોટોગ્રાફીના શોખીન જીવડાઓ સાથે હતા... પછી તો પૂછવું જ શું...

ગુગલ દેવતાએ ચાંપાનેર વિશે અઢળક જ્ઞાન પુરું પાડ્યું... તેની અંદર અને આસપાસ આવેલી ઘણી ઐતિહાસિક ઈમારતોની માહિતી એક મિત્રએ એકઠી કરી લીધી... ગાંધીનગરથી માત્ર ૧૭૦ કિ.મી. દૂર આટલી અદ્ભૂત જગ્યાઓ હશે તેનો વિચાર પણ ન આવી શકે... વડોદરાથી માંડ ૫૦ કિ.મી. દૂર ચાંપાનેર છે.


વનરાજ ચાવડા પહેલાએ તેના મિત્ર ચાંપા વાણીયાના નામે નગર બંધાવ્યું, તે ચાંપાનેર.

શહેરની અંદર દાખલ જ તેના પ્રાચીન દરવાજાની અંદર થઈને છે... અંદર કાર દાખલ થતા જ જાણે કિલ્લાના કાંગરાના દરેક પથ્થર પોતાની વાત કરવા ઉતાવળા થતા હોય તેમ લાગતું હતું... ચોમાસાના સમયમાં પાવાગઢ પર્વત લીલી ચારમાં એન કાળા વાદલોમાં સંતાકૂકડી રમતો હોય તેમ લાગતું હતું...

આરંભ અમે ચાંપાનેરથી પાવાગઢ તરફ ઉપર ચઢતા લગભગ ૩ કિ.મી. પર આવેલ ‘સાત કમાન’ થી કર્યો. ‘ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ દ્વારા સંરક્ષિત આ સ્થળ છે... **‘World Heritage Sites’** એ ભારતની જે ૧૫ સાઈટ્સનો ઉલ્લેખ કર્યો છે, તેમાની આ એક સાઈટ છે...

આપણા માટે એ ગૌરવની વાત છે, કે ફતેહપુર સીક્રી, દિલ્હીનો ‘લાલ કિલ્લો’ અને અજન્તા - ઈલોરાની ગુફાઓ સાથે આપણા ગુજરાતની ધરોહરને તેમાં સ્થાન મળ્યું છે.

ચાંપાનેરના શાસક પન્ના રાવલ દ્વારા આનું નિર્માણ થયું હતું... અદ્ભૂત સ્મારક... સાત કમાન વળાંક લેતા સ્તંભ અને ત્યાના કાંગરા પરથી નીચે ખીણમાં દેખાતી નાની તલાવડી... ચિત્રકારે હમણાં જ કૃતિ દોરીને કલરકામ કર્યું હોય તેમ લાગતું હતું... ત્યારબાદ ત્યાંથી આગળ લગભગ બે-ત્રણ કિ.મી. ટ્રેકીંગ કરીને ‘સાત મંઝિલ’ તરફ ગયા... છેક તળેટીમાંથી તે સાત મંઝિલનું બાંધકામ શરું થતું જાય, તો પર્વત કાપતા કાપતાં ઉપર એક પછી એક માળ આવતો જાય.. અને સાતમી મંઝિલ પર ઊભા હો તો ત્યાંથી સામે ઉપર માતા કાલીનું મંદિર દેખાય... બીજા પર્વત પર ‘ખૂણેશ્વર મહાદેવ’નું મંદિર દેખાય... અને આખો વિસ્તાર જાણે સોડ વાળીને સૂતો હોય અને અમારા બે-ચારમ જણના પગલાંના અવાજથી આળસ મરોડતો બેઠો થતો હોય તેમ... કયાંકથી પક્ષીઓનો ટોળું ઊડતું જતું હોય... મોર તો ટહુકવાનું બંધ જ નહોતા કરતા...



આપ જ વિચાર કરો... સતત નવ વર્ષથી વિચારયાત્રામાં આપની સાથે તડ ને ફડ આપણી સરળ અને રોજીંદી ભાષામાં અલગ અલગ વિષયો પર ચર્ચા કરી છે. તેવા આ ૧ + ૧ = ૨ કરવા વાળા જીવડાને પણ ત્યાં તે જગ્યાની સુંદરતા અને ભવ્યતાએ વિચલિત કરી મૂકીને પ્રવાસ વર્ણન કરવા મજબૂર કરી દીધો...! શબ્દોના આડંબર અને વિશેષણોની ભરમાર મૂકવાની ટેવ નથી... તેમ છતાં આ લખતી વખતે... તે જગ્યાની જે મોહકતા હતી તે આંખ સામેથી હટતી નથી... ત્યારબાદ શહેરની અંદર આવેલ ‘શહેર કી મસ્જિદ’ જોઈ... ગૂગલમાં ચાંપાનેર લખો એટલે આ જ બે-મિનારવાળી મસ્જિદનો ફોટો દેખાય... બેનમૂન કારીગરી...

અહમદશાહ જેના નામ પરથી અમદાવાદ પડ્યું છે... તેના પૌત્ર મહંમદ બેગડાને મધ્યપ્રદેશનો ‘માંડુ’ વિસ્તાર જીવતો હતો... એ માટે તેના લશ્કરને ચાંપાનેર થઈને જવું પડે તેમ હતું. એટલે તે લશ્કર લઈને લગભગ નવ મહિના તો ચાંપાનેરની નીચે ‘ધાબા ડુંગળી’ જગ્યા પર પડ્યો રહ્યો, ત્યારબાદ ભારતીય ઈતિહાસની કાળી બાજુ સમાન દરેક રાજાઘરાનાની જેમ ચાંપાનેર રાજાનો સાળો જ મહંમદ બેગડા સાથે મળી ગયો અને તેના કારણે ચાંપાનેર પડ્યું- અને આમ બેગડાએ ચાંપાનેરનો ગઢ જીત્યો... કહેવાય છે કે... જૂનાગઢ અને ચાંપાનેર આ બે ગઢ જીતવાના કારણે તે ‘બેગડો’ કહેવાયો... અને ચાંપાનેર જીત્યા પછી તેણે ત્યાં ઘણી મસ્જિદ બનાવનારી...

ત્યારબાદ ત્યાંથી થોડે દૂર ‘કેવડાની મસ્જિદ’ છે... અંદરથી અસલ ‘ફતેહપુર સિક્રી’ જેવી બાંધણી લાગે... વળી પાછી ચાર-પાંચ કિલોમીટર દૂર ‘કબૂતર ખાના’ છે... જયાં તે જમાનામાં સંદેશાવાહક કબૂતરોને રાખવામાં આવતા હતા... આ જગ્યા પર ‘ચંદ્રગુપ્ત મૌર્ય’ એન ‘રઝિયા સુલ્તાન’ જેવી સિરીયલોનું શૂટીંગ કરવામાં આવ્યું છે.

‘એક મિનારે’, ‘નગીના મસ્જિદ’ જેવા બીજા ઘણા અદ્ભૂત સ્થળ છે... ત્યાંછેલ્લે ‘હેલીકન વાવ’ જોઈ, ઉત્તમ સ્થાપત્યનું ઉદાહરણ... વર્ટીકલ સ્ટાઈલમાં વાવનાં પગથિયા નીચે જતાં હોય તેની બાંધણી ખૂબ જ રમ્ય હતી...

મોટા ભાગની મસ્જિદોનું સ્થાપત્ય હિન્દુ-મુસ્લિમ-જૈન શિલ્પનું મિશ્રાણ હતું.... તેમાં કળશ પણ દેખાય... સર્પ પણ દેખાય... કમળ પણ દેખાય... સ્થાપત્યની શૈલી હિન્દુ-મુસ્લિમ-જૈન શિલ્પનો સમન્વય લાગે... અને માટે જ આપણા મનમાં સવાલો પણ ઉભા થાય... આ અદ્ભૂત સ્થળની મુલાકાત અવશ્ય લેવા જેવી છે... રખે ચૂકતા!